Ahmedabad Nov 11(TIT) HACC college principal Sanjay Bhai M Vakil said,"Today we distributed the cheques of Rs.5 lac to our students for higher education as scholarship. It is sponsored by our alumnus Sri Chirag Patel."






## DISTRIBUTION OF NISWARTH SCHOLARSHIPS (COHORT-2)

The Niswarth Scholarships for the new batch of students of H.A. College of Commerce, graduated in 2017 were distributed on 11 November 2017 in the presence of Dr. B.H. Joshi, Registrar, Gujarat Law Society, Dr. Sanjay Vakil, Principal, Shri Snehal Parmar, Representative, Niswarth Children Foundation, and the committee members comprising of Dr. Jean Dsouza, Prof. Shubha Lagvankar and Prof. Pankaj Raval

14 November 2017




## PLEDGE TO VOTE IN ELECTION:

The NSS unit and the H.A Gandhian Society together organized a Voters Awareness program to make the students aware of their voting rights and encourage more youth voters to actively participate in the voting process. The first time voters were also given knowledge about the polling procedures and the functioning of EVM machines. At the end of the program the students took an oath to cast their votes and exercise their voting right.

**15 November 2017**









## લો સોસાયટી દ્વારા મતદાન જાગૃતિ રેલીનું આયોજન

અમદાવાદ : ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં એન.એસ.એસ. તથા એચ.એ.ગાંધીઅન સોસાયટી દ્વારા મતાધિકાર જાગૃતિ સંદર્ભે રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રેલીમાં વિદ્યાર્થીઓએ સમાજમાં સંદેશ આપ્યો હતો કે હું કોઈપણ ધર્મ કે જાતિ જોઈને મારો મત નહિ આપું.




## VOTERS AWARENESS RALLY:

The H.A Gandhian society and the NSS unit of the college organized a rally to spread awareness about the value of voting. Dr. Himanshu Pandya, Vice-Chancellor, Gujarat University and RJ Harshil from Radio Mirchi also joined the students for this social cause.

22 November 2017










## CELEBRATION OF GUJARAT UNIVERSITY ESTABLISHMENT DAY:

The college celebrated the University Foundation day by inviting Dr. Shubhash Bhrambhatt, Principal, H.K College to speak on ‘Gujarat University: Yesterday, Today & Tommorow’. Dr. Bhalchandra Joshi, Provost, GLS University was also present during this celebration and he spoke on the contributions made by many great people in establishing the university. Later a cake was also cut to spread the happiness of the University entering in its 69th year.

ગુજરાત યુનિ.ના સ્થાપના દિવસ પર HK ના સુભાષ બ્રહ્મભટ્ટે કહ્યું...

# 'વિદેશોમાં નોલેજ બેંકના કારણે એન્જિ. નો વિદ્યાર્થી ફિલોસોફી પણ જાણે છે'

**Talk On Education**

સિટી રિપોર્ટર | અમદાવાદ



• ગઈકાલ-આજ-આવતીકાલ' વિષય ઉપર વક્તવ્ય યોજાયું હતું.

ગુજરાતના યુનિવર્સિટીના 69માં સ્થાપના દિનને લઈને એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાં 'ગુજરાત યુનિવર્સિટી: ગઈકાલ-આજ-આવતીકાલ' વિષય ઉપર વક્તવ્ય યોજાયું હતું. જેમાં HK કોલેજના પ્રિન્સિપલ સુભાષ બ્રહ્મભટ્ટે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળથી માંડીને આજ સુધીની શૈક્ષણિક યાત્રા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'યુનિવર્સિટી શબ્દનો અર્થ સંસ્થા નહીં પરંતુ વિચાર છે. ગુજરાત યુનિવર્સિટી એ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓની જનેતા છે. આ યુનિવર્સિટીમાંથી નક્કી કરાયેલા તમામ એક્ટ અને નોમ અન્ય યુનિવર્સિટીઓ ફોલો કરી રહી છે. આ ઉપરાંત તેના સુકાનીઓમાં સરદાર પટેલ, આનંદ શંકર ધ્રુવ, દાદા સાહેબ માવળંકર અને અબજોની જમીન જેને દાન કરી તેવા કસ્તુરભાઈ શેઠ વગેરે છે. તેમણે યુનિવર્સિટીની આવતીકાલ પર વાત કરતાં કહ્યું હતું કે, 'યુનિવર્સિટીમાં વર્કશોપ અને સેમીનાર વધારવાની જરૂર છે. આપણા વિદ્યાર્થીઓની સરખામણીએ ચીન, કોરીયા, જર્મની જેવા દેશોના 18 થી 24 વર્ષના વિદ્યાર્થીઓના આઈક્યુ પાવર વધારે છે. જેનું કારણ ત્યાં નોલજ બેંક વીકસી છે. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ ફિલોસોફી વિષયને પણ જાણે છે. આ સાથે લાગવગશાહીથી મુક્ત વાતાવરણ બને તે માટે યુનિવર્સિટીએ સ્ટુડન્ટસને રાષ્ટ્રીય ચારીત્રના પાઠ ભણાવવાની પણ જરૂર છે.'

# યુનિવર્સિટી શબ્દનો અર્થ સંસ્થા નહીં પરંતુ વિચાર છે



એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં ગુજરાત યુનિવર્સિટીના ૬૯માં સ્થાપના દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિ. સુભાષ બ્રહ્મભટ્ટે ગુજરાત યુનિવર્સિટી ગઈ કાલ અને આજ ઉપર વક્તવ્ય આપ્યું હતું. ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાથી માંડી આજ સુધીની શૈક્ષણિક યાત્રા વિષે વાત કરી હતી. યુનિવર્સિટી શબ્દનો અર્થ નહીં સંસ્થા નહીં એક વિચાર છે. જી.એલ.એસ.યુનિવર્સટીના પ્રોવોસ્ટ ડો. ભાલચંદ્ર જોષીએ યુનિવર્સિટીના પૂર્વ અધ્યાપકો આપેલ યોગદાન વિષે વાત કરી હતી. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે દેશને આઝાદી મળ્યા બાદ ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવામાં સરદાર પટેલ, આનંદ શંકર ધ્રુવ, ગણેશ માવલંકર, તથા કસ્તુરભાઈ લાલભાઈના સનિંષ્ઠ પ્રયત્નોથી અમદાવાદમાં ૧૯૪૯ ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હતી. તેમાં કુલપતિઓએ પોતાનું યોગદાન આપી યુનિવર્સિટીને આ સ્થાને લાવ્યાં છે. કોલેજના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ કેક કાપી યુનિવર્સિટી સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી.

# ટેકનોલોજીનો ઉપયોગ વિવેકપૂર્ણ હોવો જોઈએ, તેનું વળગણ ન હોવું જોઈએ

**એચ.એ.કોલેજ ખાતે 'સોશિયલ નેટવર્કિંગ- આશીર્વાદ કે અભિશાપ અને શું ટેકનોલોજીએ સર્જનાત્મકતા ખતમ કરી છે?' પર વકતૃત્વ સ્પર્ધામાં ૨૦ કોલેજના વિદ્યાર્થીએ પાર્ટીસિપેટ કર્યું**

એચ.એ.કોલેજ ઓફ કોમર્સ તથા સત્યસાંઈ સેવા સંગઠન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય 'સોશિયલ નેટવર્કિંગ- આશીર્વાદ કે અભિશાપ અને શું ટેકનોલોજીએ સર્જનાત્મકતા ખતમ કરી છે?' રાખવામાં આવ્યો હતો. આ સ્પર્ધામાં અમદાવાદની વિવિધ ૨૦ કોલેજના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ આંતર-કોલેજ જિલ્લા સ્તરીય વકતૃત્વ સ્પર્ધામાં મુખ્યત્વે સ્પર્ધકોએ પોતાનો મત વ્યક્ત કરતા કહયું હતું કે જો ટેકનોલોજીનો ઉપયોગ વિવેકપૂર્ણ ના કરાય તો વ્યક્તિને ફાયદો થવાના બદલે નુકશાન થાય છે. સોશિયલ નેટવર્કિંગના વધુ પડતા ઉપયોગથી વ્યક્તિની તંદુરસ્તી બગડી શકે છે તથા ઉદાસીનતા સાથે મનોરોગી પણ થઇ શકે છે. ઈન્ટરનેટ ઉપર ઘણી ખોટી માહિતી ઉપલબ્ધ હોય છે જેનાથી વ્યક્તિ ગેરમાર્ગે દોરાય છે. ટેકનોલોજી એ સિક્કાની બે બાજુ છે, ફાયદો પણ થાય છે તથા ગેરફાયદો પણ થઈ શકે છે. સ્પર્ધાના અંતે કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંજય એમ. વકીલે પ્રતિભાવ આપતા કહ્યું કે ટેકનોલોજીનો બેફામ ઉપયોગ થતા અટકાવવો જોઈએ. સોશિયલ નેટવર્કિંગમાં આજનો યુવાન પાંચથી દાસ કલાક વિતાવે છે જેનાથી તેની પ્રતીભા ઉભી થઇ શક્તી નથી તથા પોતાની સર્જનાત્મકતા ખતમ કરી નાખે છે. ટેકનોલોજીનો ઉપયોગ વિવેકપૂર્ણ હોવો જોઈએ તેનું વળગણના થવું જોઈએ.



## યુનિવર્સિટીના ૬૯મા સ્થાપના દિનની ઉજવણી થઈ

એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં ગુજરાત યુનિવર્સિટીના ૬૯મા સ્થાપના દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ.સુભાષ બ્રહ્મભટ્ટે 'ગુજરાત યુનિવર્સિટી- ગઈકાલ-આજ-આવતીકાલ' વિષય ઉપર વક્તવ્ય આપ્યું હતું. વાત કરતા તેમણે કહ્યું કે યુનિવર્સિટી શબ્દનો અર્થ સંસ્થા નહિ પરંતુ વિચાર છે. જ્યારે પ્રિન્સીપાલ સંજય વકીલે કયું હતું કે દેશને આઝાદી મળ્યા બાદ ગુજરાતમાં શિક્ષણ વ્યવસ્થા ઉભી કરવા સરદાર પટેલ, આનંદ-શંકર ધ્રુવ, ગણેશ માવલંકર તથા શેઠ કસ્તુરભાઈ લાલભાઈના સન્નિષ્ઠ પ્રયત્નોથી અમદાવાદમાં ૧૯૪૯માં ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઇ હતી.






**25 November 2017**



ગુજરાત યુનિ.ના સ્થાપના દિવસ પર HK ના સુભાષ બ્રહ્મભટ્ટે કહ્યું...

## 'વિદેશોમાં નોલેજ બેંકના કારણે એન્જિ.નો વિદ્યાર્થી ફિલોસોફી પણ જાણે છે'

**Talk On Education**

સિટી રિપોર્ટર | અમદાવાદ

ગુજરાતના યુનિવર્સિટીના 69માં સ્થાપના દિનને લઈને એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાં 'ગુજરાત યુનિવર્સિટી: ગઈકાલ-આજ-આવતીકાલ' વિષય ઉપર વક્તવ્ય યોજાયું હતું. જેમાં HK કોલેજના પ્રિન્સિપલ સુભાષ બ્રહ્મભટ્ટે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપનાકાળથી માંડીને આજ સુધીની શૈક્ષણિક યાત્રા વિશે વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે, 'યુનિવર્સિટી શબ્દનો અર્થ સંસ્થા નહીં પરંતુ વિચાર છે. ગુજરાત યુનિવર્સિટી એ ગુજરાતની તમામ યુનિવર્સિટીઓની જનેતા છે. આ યુનિવર્સિટીમાંથી નક્કી કરાયેલા તમામ એક્ટ અને નોમ અન્ય યુનિવર્સિટીઓ ફોલો કરી રહી છે. આ ઉપરાંત તેના સુકાનીઓમાં સરદાર પટેલ, આનંદ શંકર ધ્રુવ, દાદા સાહેબ માવળંકર અને અબજોની જમીન જેને દાન કરી તેવા કસ્તુરભાઈ શેઠ વગેરે છે. તેમણે યુનિવર્સિટીની આવતીકાલ પર વાત કરતાં કહ્યું હતું કે, 'યુનિવર્સિટીમાં વર્કશોપ અને સેમીનાર વધારવાની જરૂર છે. આપણા વિદ્યાર્થીઓની સરખામણીએ ચીન, કોરીયા, જર્મની જેવા દેશોના 18 થી 24 વર્ષના વિદ્યાર્થીઓના આઈક્યુ પાવર વધારે છે. જેનું કારણ ત્યાં નોલેજ બેંક વીકસી છે. એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ ફિલોસોફી વિષયને પણ જાણે છે. આ સાથે લાગવગશાહીથી મુક્ત વાતાવરણ અને તે માટે યુનિવર્સિટીએ સ્ટુડન્ટસને રાષ્ટ્રીય ચારીત્રના પાઠ ભણાવવાની પણ જરૂર છે.'

• ગઈકાલ-આજ-આવતીકાલ' વિષય ઉપર વક્તવ્ય યોજાયું હતું.



# CELEBRATION OF INDIAN CONSTITUTION DAY

To celebrate the Indian Constitution Day, the college invited Dr. Hemant Shah, Faculty, H.K. Arts College, to talk about the significance and importance of the Indian Constitution. He spoke about the foundations of the establishment of the Republic of India in a way that enthused patriotic fervor in the students.


નવગુજરાત સમય
Ahmedabad Samay

# લોકશાહીમાં વાણી સ્વતંત્રતાની જાળવણી જરૂરી




ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાં તાજેતરમાં ભારતીય બંધારણ વિશે વર્કશોપ યોજાઇ હતી. આ કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે પ્રા. હેમંત શાહે જણાવ્યું હતું કે આ બંધારણ ઘડવાનો મુખ્ય હેતુ ભારતના નાગરિકોને સુખ, શાંતિ તથા સંતોષ પ્રાપ્ત થાય સાથે સાથે તેના મૂળભૂત અધિકારો, ફરજો તથા તેનું રક્ષણ થાય તે છે. વાણી સ્વતંત્રતાની જાળવણી થાય તે લોકશાહી ટકાવવામાં અગત્યનો ભાગ ભજવે છે. ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી દેશ છે. ભારતીય બંધારણમાં મુખ્ય ત્રણ બાબતો અગત્યની છે. એકઝીક્યુટીવ કાઉન્સીલ, ન્યાયપાલિકા તથા રાજ્યની ધારાસભાઓ. તેની ગરિમા જળવાય તથા તેનું રક્ષણ થાય એ લોકશાહી ટકાવવા માટે જરૂરી છે. કોલેજના પ્રિન્સીપાલ સંજય વકીલે પ્રતિભાવ આપતા કહ્યું હતું કે ભારતીય બંધારણ નાગરિકો માટે પવિત્ર ગ્રંથ સમાન છે. આ બંધારણમાં માર્ગદર્શક સિધ્ધાંતો, ચુંટણી અને પ્રતિનિધિત્વ તથા સમાવાય તંત્ર એટલે કે પંચાયતો અને પાલિકાઓ વિશે વાત કરી હતી. નોંધનીય છે કે, 26 નવેમ્બર 1949ના રોજ ભારત સ્વતંત્ર થયા પછી પ્રથમવાર ભારતીય બંધારણનો ગ્રંથ મંજૂરી માટે લોકસભામાં મૂકવામાં આવ્યો હતો. બંધારણીય સમિતિના વડા તરીકે ડો. ભીમરાવ આંબેડકરે જવાબદારી નીભાવી હતી. આ સમિતિમાં પંડિત નહેરૂ, સરદાર પટેલ, ક. મા. મુનશી વિગેરે વિદ્વાનોએ સિંહ ફાળો આપી વિશ્વનું શ્રેષ્ઠ બંધારણ ઘડ્યું હતું.







AhmedabadSamay



**7 December 2017**






## VISIT TO KOCHRAB ASHRAM & GUJARAT VIDYAPITH

The college organized an exhibition of the books written by Gandhiji in the College Library. The staff and the students of the HA Gandhian Society also visted Gujarat Vidyapith to familiarize them with Gandhian ideals and practices.

4-5 January 2018






## NJCU PRESIDENT AND DEANS VISITS HACC

The President of New Jersey City University, USA, together with Dr. Bernard McSherry,the Dean of the School of Business and Dr. Caroline McSherry, the Dean of the School of Professional Studies, visited HA College of Commerce to discuss the prospects of working together under the aegis of the Gandhian Society. Dr. Sue Henderson, President, NJCU, signed a Memorandum of Understand between the HA Gandhian Society and NJCU wherein under the flagship program, students of NJCU would come to HACC for an inculturation programme and be introduced to the Gandhian Thought and way of life.







ગુજરાત સમાચાર 07.01.2018

**Sundayplus**

# અમેરિકાના વિદ્યાર્થીઓ ગાંધી વિચાર જાણવા અમદાવાદ આવશે

**એચ.એ.કોલેજ ઓફ કોમર્સે અમેરિકાની ન્યુજર્સી સિટી યુનિ.વચ્ચે ગાંધીયન વિચારો તથા ફિલોસોફી સંદર્ભે ઐતિહાસિક કરાર કર્યા**

એચ.એ.કોલેજ ઓફ કોમર્સ તથા અમેરિકાની ન્યુજર્સી સિટી યુનિવર્સિટી વચ્ચે ગાંધીઅન વિચારો તથા ફિલોસોફી સંદર્ભે ઐતિહાસિક એમ.ઓ.યુ. થયા છે. આ એમ.ઓ.યુ.માં એચ.એ.કોલેજ તથા અમેરિકાની યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ તથા અધ્યાપકો વચ્ચે એક્સેન્જ કાર્યક્રમ થશે. અમેરિકાના વિદ્યાર્થીઓ અમદાવાદ આવી એચ.એ.કોલેજના વિદ્યાર્થીઓના ઘરે રહેશે તથા ભારતીય સંસ્કૃતિની સાથે ગાંધી વિચારો તેની ફિલોસોફી તથા ગાંધીજીના જીવન વિશે અભ્યાસ કરીને પોતાનું જીવન મુલ્યનિષ્ઠ જીવવાની દિશા મેળવશે. એજ રીતે અમેરિકાના અધ્યાપકો પણ આવશે. આ મુલાકાત દરમ્યાન તેઓ ગાંધીજી સ્થાપિત કોચરબ આશ્રમ, સાબરમતી આશ્રમ, ગુજરાત વિદ્યાપીઠ તથા ગુજરાતની વિવિધ ગાંધીઅન સંસ્થાઓની મુલાકાત લઈ ગાંધીજીના જીવનને સમજવા પ્રયત્ન કરશે અને એચ.એ.કોલેજના વિદ્યાર્થીઓ પણ અમેરિકા જશે.










**CityLife** SATURDAY 6.01.2018

# અમેરિકાની યુનિ.ના સ્ટુડન્ટ્સ સિટીમાં આવી ગાંધિયન ફિલોસોફીનું જ્ઞાન લેશે











6 January 2018

**My Campus**

એચ.એ. કોલેજમાં યોગ વર્કશોપ યોજાયો

# સાચી રીતે યોગ કરવાથી કોઇ પણ અસાધ્ય રોગ મટી શકે છે



ગુજરાત લો કોલેજ સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં સહજયોગ સંસ્થા દ્વારા યોગ માટેનો વર્કશોપ યોજાયો હતો. આ અંગે યોગ ગુરુ વર્ષાબહેને યોગ સંદર્ભે પાવર પોઈન્ટ પ્રોઝન્ટેશનથી સ્ટુડન્ટ્સને માહિતગાર કર્યાં હતાં. આ અંગે તેમણે જણાવ્યું હતું કે સાચી રીતે યોગ કરવાથી કોઈ પણ અસાધ્ય રોગ મટી શકે છે. યોગ દ્વારા સુપ્રીમ એનર્જી મેળવી શકાય છે. યોગથી યાદશક્તિ પણ વધે છે. આ અંગે કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે યંગસ્ટર્સને ગુસ્સો, હતાશા, અને આળસથી દૂર રાખવામાં યોગ મદદરૂપ થાય છે.



## એચ.એ.કોલેજમાં યોગ માટેનો વર્કશોપ યોજાયો

**અમદાવાદ:** એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં આજે યોગ માટેનો વર્કશોપ યોજવામાં આવ્યો હતો વિદ્યાર્થીઓને યોગ દ્વારા થતા ફાયદા અને તેની જરૂરિયાત અંગે નિષ્ણાતો દ્વારા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું. આજના સમયમાં ગુસ્સો, હતાશા, આળસ અને યુવાનોમાં વધતાં જતા આપઘાતના કિસ્સાઓ રોકવા અંગે પણ સમજ આપવામા આવી હતી.

## HA કોલેજમાં યોગ શિબિર યોજાઇ



**અમદાવાદ :** એચ.એ.કોલેજ ઓફ કોમર્સમાં સહજયોગ સંસ્થા દ્વારા યોગનો વર્કશોપ યોજાયો હતો. કોલેજના ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કોલેજ દ્વારા આ પ્રકારે વિદ્યાર્થીઓના વિકાસ માટે અનેક શિબિરોનું આયોજન કરવામાં આવે છે.

# WORKSHOP: YOGA AWARENESS

Shri Varshaben from Sahaj Yoga Kendra visited the college to talk to the students about the benefits and importance of Yoga in our lives. The seminar included a variety of Asanas and pranayam techniques followed by a lecture on the science behind meditation.

**8 January 2018**







## WORKSHOP: PHYSIOTHERAPY WORKSHOP BY SBB COLLEGE

SBB College of Physiotherapy organized a physiotherapy awareness programme at the college to create awareness about health and posture among the students. The students were given knowledge through live demonstrations about the problems caused by using mobile phones, computers, and were shown the right postures for lifting, sitting and standing. They were also taught various exercises to deal with the same.

11 January 2018



# HAમાં કોમ્પિટિટિવ એક્ઝામ એન્ડ પ્રિપરેશન પર સેમિનાર

જેમાં એક્સપર્ટ દેવાંગ દવેએ વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ પર વાતચીત કરી

**Talk on Education**

સિટી રિપોર્ટર | અમદાવાદ

એચ.એ.કોલેજ ઓફ કોમર્સ ખાતે 'કોમ્પિટિટિવ એક્ઝામ એન્ડ પ્રિપરેશન' વિષય પર સેમિનાર યોજવામાં આવ્યો હતો. જેમાં આ વિષય પર એક્સપર્ટ એવા દેવાંગ દવેએ વિદ્યાર્થીઓને જુદી-જુદી ક્લાસ કેટેગરીમાં આવતી સ્પર્ધાત્મક પરીક્ષાઓ વિશે માહિતી આપી હતી. દેવાંગ દવેએ કહ્યું કે, 'ઘણા વિદ્યાર્થીઓ ક્લાસ વન અને ક્લાસ ટુ જેવી પરીક્ષાઓ પાસ તો કરી દેતા હોય છે, પરંતુ ઈન્ટરવ્યૂ ફેશ કરવો અને પાસ થવું તેમને મુશ્કેલ લાગતું હોય છે. જેની પ્રિપરેશન આપણે આપણા પેરેન્ટ્સથી જ કરવી જોઈએ. જો આપણે આપણા માતા-પિતાને કોઈ વાતને લઈને કન્વિન્સ શકીએ તો ઈન્ટરવ્યૂમાં ઈન્ટરવ્યૂઅરને પણ સરળતાથી સમજાવી શકીએ છીએ. જો આ ન થઈ શકતું હોય તો તમારા માટે ઈન્ટરવ્યૂમાં સામેની વ્યક્તિને સમજાવવું મુશ્કેલ બની રહેશે.

દરેક પ્રકારની સ્પર્ધાત્મક પરીક્ષાનું મોટાભાગનું નોલેજ ધોરણ 10 સુધીના સિલેબસમાં જ આવી જાય છે. તેથી એનસીઆરટી અને જીસીઆરટી બુકને વધારે વાંચો, જેને જીપીએસસી કે યુપીએસસી ક્લિયર કરવી છે તેને કોલેજના પહેલા દિવસથી જ તૈયારી શરૂ કરી દેવી જોઈએ. જો ફુલ ટાઈમ પ્રિપરેશન કરો તો વિષયને ત્રણ ભાગમાં વાંચો. સવારે મન પસંદ વિષય વાંચો, બપોરના સમયે કરેન્ટ અફેર્સ જેમાં દરેક છાપાઓ પહેલા વાંચવા અને સાંજના સમયે મેથ્સ અને રિઝનિંગ પર ફોકસ કરવું જોઈએ.

એક્સપર્ટ દેવાંગ દવે




## LECTURE ON HOW TO CRACK COMPETITIVE EXAMS

A workshop was conducted to show students how they should prepare for public examinations. Shri Devang Dave conducted this workshop and demonstrated different techniques for the best performance at these exams.

12 January 2018
















## CELEBRATION: SWAMI VIVEKANAND JAYANTI

The students of the college were given an interesting talk on the message of Vedanta to promote world unity by Swami Adhyatmanandji from Shivanand Ashram. He also discussed different ways of developing mental concentration and focus.

# સદ્‌ગુણોનું ઉપાર્જન કરો, યૌવનને સાર્થક કરો : સ્વામી અધ્યાત્માનંદજી

» સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતી નિમિત્તે એચ.એ. કોલેજમાં વ્યાખ્યાન યોજાયું



**નવગુજરાત સમય** > અમદાવાદ

'સંઘર્ષ એટલે જ જીવન અને સ્થગિતતા એટલે મૃત્યુ. મુશ્કેલી વગરનું જીવન મૃતપ્રાય જીવન છે. ઊભા થાઓ. ટટ્ટાર બનો. તમો અહીં રડવા કે કકળાટ કરવા માટે જન્મ્યા નથી. તમો અમૃતના પુત્ર છો. તમો દિવ્ય છો. ભવ્ય છો. હિમાલયને ઉપાડવાની અને સમુદ્રનું પાન કરવાની શક્તિ તમારામાં છે. ફોલાદી બનો. માયકાંગલા ન બનો. તમારા જીવન એક હનુમાન મહાવીર અને નચિકેતાનું ત્યાગ અને સમર્પણનું જીવન બનાવો. આમાં કશું અસંભવ નથી, બધું જ શક્ય છે. આવશ્યકતા છે, દૃઢ સંકલ્પની, મજબૂત મનોબળની' સ્વામી વિવેકાનંદજીના આ શબ્દો અધ્યક્ષ સ્વામી અધ્યાત્માનંદજીએ શનિવારે સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે એચ.એ. કોલેજ ઓફ કોમર્સના મધ્ય ખંડમાં વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું.

તેમણે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓએ સાચા અર્થમાં વિદ્યાર્થી બનવાનું છે. વિદ્યાનું અધ્યયન, અધ્યાપન કરો. સદ્‌ગુણોનું ઉપાર્જન કરો. દુર્ગુણોનું વિસર્જન કરો. નિયમિત પ્રાર્થના, ધ્યાનનો અભ્યાસ કરો. એકાગ્રતા વધારો અને તમારા યૌવનને સાર્થક કરો આ પ્રસંગે પ્રિન્સિપાલ ડૉ.સંજય વીકલે સ્વામીજીનું અભિવાદન કર્યું. ગુજરાત લૉ સોસાયટીના રજિસ્ટ્રાર ભાલચંદ્ર જોશી પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વામી વિવેકાનંદની જન્મ જયંતી નિમિત્તે વક્તવ્ય યોજાયું

ગુજરાત લો કોલેજ સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં સ્વામિ વિવેકાનંદજીની જન્મ જયંતી નિમિત્તે શિવાનંદ આશ્રમના સ્વામીજી



આધ્યાત્મિકનંદજીનું વક્તવ્ય રાખવામાં આવ્યું હતું. આ પ્રસંગ તેમણે જણાવ્યું હતું કે ભારત દેશના યુવાનોને આજે વિવેકાનંદજીના વિચારો અપાનવવાની જરૂર છે. કારણ કે તેમણે સંઘર્ષ કરીને ભારતીય સંસ્કૃતિ તથા તેના મૂલ્યોને સાચવવા ભારત ભ્રમણ કરીને યુવાનોને તેનું મહત્તવ સમજાવ્યું હતું. જી.એલ.એસ.યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. બી.એચ. જોષીએ પણ આ પ્રસંગે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતાં. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે વ્વેકાનંદજી માનતા હતાં કે તેમે જ તમારા ભવિષ્યના કર્તા છો. સખત પરિશ્રમ, આત્મ વિશ્વાસ અને સંઘર્ષથી ચોક્કસ સફળતા પ્રાપ્ત થાય છે. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રા. મહેશ સોનારાએ કર્યું હતું

# સંઘર્ષ વગર જીવનમાં સફળતા પ્રાપ્ત થતી નથી



# એચ.એ. કોલેજમાં વક્તવ્ય યોજાયું




અમદાવાદ : એચ.એ.કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદની જન્મજયંતી નિમિત્તે શિવાનંદ આશ્રમના સ્વામી અધ્યાત્મનંદજી મહારાજના વક્તવ્યનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ વકત્વમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# HAમાં સ્વામી વિવેકાનંદ જયંતિ નિમિતે વક્તવ્ય

અમદાવાદ| ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ. એ. કોલેજ ઓફ કોમર્સમાં આજે સ્વામી વિવેકાનંદ જયંતી નિમિત્તે શિવાનંદ આશ્રમના સ્વામી આધ્યાત્મનંદજીનું વક્તવ્ય યોજાશે. બપોરે 1 કલાકે એચ. એ. કોલેજ ઓફ કોમર્સના ઓડીટોરિયમમાં આ કાર્યક્રમ યોજાશે.

18 January 2018









કોમર્સના વિદ્યાર્થીઓનો કારકિર્દી અંગે સેમિનાર

અમદાવાદ : એચ.એ.કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સંદર્ભે વર્કશોપ યોજાયો ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સના સ્ટડી સર્કલના નેજા હેઠળ આ વર્કશોપનું આયોજન કરાયું હતું.



Edu Talk

એચ.એ. કોલેજમાં યંગસ્ટર્સને માર્ગદર્શન આપવા માટે

ગ્રેજ્યુએશન પછી કઈ દિશામાં કારકિર્દીને આગળ લઈ જઈ શકાય? સ્ટુડન્ટ્સને અપાયું માર્ગદર્શન



એચ.એ. કોલેજમાં કારકિર્દી માર્ગદર્શન સંદર્ભે વર્કશોપ યોજાયો

## CAREER GUIDANCE WORKSHOP BY ENDEAVOR CAREERS

A well-known career consultancy firm of the city, "Endeavor" visited the college to talk to the students about career options after B.Com. The faculty members of this firm talked about the career options available to commerce graduates and how these can be achieved.

23 January 2018













Campus Corner

આજની તમામ સમસ્યાઓનું સમાધાન
ગાંધીજીના વિચારોમાં સમાયેલું છે

## H.A ELOCUTION COMPETITION

H.A College of Commerce has been organizing its inter-college elocution competition for the last 40 years. The theme of this year's competition was, *'The Current Education System and Human Values'*. Students from around 20 colleges participated in the event.

**26 January 2018**









## CELEBRATION: REPUBLIC DAY

The college celebrated republic day together with the other institutions of GLS. The staff and the students of the college came dressed in white, and venerated the national flag.

**1 February 2018**













**ગાંધીજીના જીવન-કવન પર સ્પર્ધા યોજાઈ**

એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં ગાંધીજીના વિચારોને ટેકનોલોજી અને પ્રેઝન્ટેશનના સમન્વય દ્વારા યુવા પેઢીને પહોંચાડવામાં આવ્યા. ગાંધીજીનું જીવન,કવન, સિદ્ધિઓ અને સિદ્ધાંતોને ખૂબ જ સંક્ષિપ્તમાં પીપીટી દ્વારા કોલેજના વિદ્યાર્થીઓ અને કોલેજના અધ્યાપકો દ્વારા અને સાથી મિત્રોની હાજરીમાં રજૂઆત કરવામાં આવી. 'ગાંધીજી વ્યક્તિ નથી પણ વિચાર છે', 'સત્ય અડીખમ રહે છે' જેવા વિચારોને સુદ્રઢ કરવામાં આવ્યા.

## PPT PRESENTATION COMPETITION BY H.A GANDHIAN SOCIETY

H.A College of Commerce has been organizing its elocution competition for the last 40 years. The theme of this years' competition was, *'The Current Education System and Human Values'*. Around 20 students from the different HACC classes participated in the event.

**2 February 2018**














## INAUGURATION OF GYAAN SATRA

The college hosted Dr. Navin Sheth, Vice-Chancellor, Gujarat Technical University, to address the students on the topic ‘Contribution of India in Science & Technology’. Dr. Sheth talked about India’s contribution to various fields like Ayurveda, Space-Science, Surgery, Architecture etc.



**7 February 2018**



ગરીબ વિદ્યાર્થીઓને સ્ટેશનરી અપાઈ

અમદાવાદ : એચ.એ. કોલેજ ઓફ કોમર્સનાં વિદ્યાર્થીઓ દ્વારા માનવ સેવા સમિતિના નેતૃત્વમાં વિવિધ શાળાના ગરીબ વિદ્યાર્થીઓને ચોપડા, પેન્સિલ, સંચો, કંપાસ બોક્સ, વગેરે વસ્તુઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે માનવ ધર્મ આશ્રમના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.



Campus Corner

સ્ટડન્ટ્સની ચેરેટી ઇવેન્ટ

સ્કૂલના ગરીબ બાળકોને આપશે સ્ટેશનરી

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ કૉલેજ ઓફ કોમર્સ અમદાવાદના માનવ ધર્મ આશ્રમની માનવ સેવા સમિતિ દ્વારા શરૂ કરેલ માનવ સેવામાં જોડાઈ છે. શહેરની વિવિધ શાળાઓમાં જે વિદ્યાર્થીઓ ગરીબ છે જેની પાસે પૂરતી સ્ટેશનરી નથી તેવા વિદ્યાર્થીઓને એચ.એ કૉલેજના વિદ્યાર્થીઓ દ્વારા પૂરી પાડવામાં આવશે. આ સ્ટેશનરીમાં ચોપડા, પેન્સિલ બોક્સ, કંપ બોક્સ, વર્તુળ વગેરે વસ્તુઓ એકઠી કરીને ગરીબ બાળકોને સપ્રેમ આપવામાં આવશે. આ પ્રસંગે માનવ ધર્મ આશ્રમના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. આ પ્રસંગે માનવ ધર્મ આશ્રમના પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતા. કૉલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે વિદ્યાર્થીઓ દ્વારા બતાવેલા માનવ સેવાને બિરદાવી હતી. માનવ સેવા એ જ માધવ સેવા છે કે સૂત્રને વિદ્યાર્થીઓએ ચરિતાર્થ કર્યું છે.







## DONATION TO MANAV SEVA CHARITABLE TRUST

The faculty members and the students donated stationery items to Manav Seva Charitable Trust to help them in providing the basic essentials to the poor children in schools.

8 February 2018



**CULFEST DAYS 2018 – SIGNATURE DAY**

The students celebrated Signature and Autograph Day wherein they shared autographs and wrote their names not only on the shirts and books of their friends, but also on the pages of their memories.

9 February 2018












## CULFEST: 'DAYS 2018' - REFRESHMENT DAY

This year the college organized a Food Fiesta where groups of students offered some exciting healthy options like salads, juices while some chose to make it a sweet delight and served desserts. The students got an opportunity to showcase their entrepreneurial attitude and hospitality. All the dishes served by the students were home-made and the profit earned by them was given as charity.

9 February 2018









**CULFEST DAYS 2018 - CHARACTER DAY**

This year the college celebrated its Culfest fest in an innovative way by celebrating a Character Day where the students were asked to dress themselves in the character of their favorite characters, whether it be their role model or an actor.

10 February 2018





## CULFEST DAYS 2018 - TRADITIONAL DAY

The students kept it Ethnic and dressed themselves in traditional attire showcasing their respective cultures. The college also organized a Garba function for the students.

**14 February 2018**



## CHARITY DAY: JOY OF LOVING

HACC celebrated Valentine's Day in a unique way this year. Calling it the "Joy of Loving" Day, the students and staff members adopted a child from the Gulbai Tekra Municipality School for a day, showering the 20 children with love and gifts that they would remember. With the permission of the Ahmedabad Municipality, the college undertook the responsibility of bringing 20 students in the age group of 7 to 9 years to the college for a day The children were then entrusted to pre-decided registered groups of 3-4 college students for the entire day. The students played with them , took them to parks and gardens, took them out for lunch, bought gifts for them. The Mayor of Ahmedabad city also gave his presence at the college during this event. The children had a wonderful time with the students, creating bonds of love and friendship between them. Many students, the Principal and the staff members of HACC made generous donations to the children in the form of bags, pencil boxes, tiffin boxes, snacks, clothes, shoes, etc.







## ગરીબ વિદ્યાર્થીઓને સ્ટેશનરીનું વિતરણ કરાયું

શહેરની વિવિધ શાળાઓમાં જે ગરીબ વિદ્યાર્થીઓ હોય છે તેમની પાસે અભ્યાસ કરવા માટે પૂરતી સ્ટેશનરી ન હોય તેવા વિદ્યાર્થીઓને એચ.એ. કોમર્સ કોલેજના સ્ટુડન્ટ્સ તથા માનવ ધર્મ આશ્રમની માનવ સમિતિ દ્વારા ચોપડા, પેન્સિલ, બોક્સ, સંચો, ફૂટપટ્ટી, કંપાસબોક્સ, વર્તુળ જેવી સ્ટેશનરી એકઠી કરીને ગરીબ બાળકોને વિતરણ કરવામાં આવ્યું હતું. માનવ સેવા એજ માધવ સેવા છે તે સુત્રને વિદ્યાર્થીઓએ ચરિતાર્થ કર્યું છે.



સંદેશ City Life

## H.A કોલેજે અનોખી રીતે સેલિબ્રેટ કર્યો વેલેન્ટાઇન ડે



ગુજરાત લૉ સોસાયટી દ્વારા સંચાલિત એચ.એ કોલેજ ઓફ કોમર્સ માં વેલેન્ટાઈન ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટસે સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલમાં ભણતા બાળકોને કોલેજમાં બોલાવી ગેમ્સ રમી હતી. આ સાથે બાળકોને તેમની જરૂરિયાતની વસ્તુઓ ગિફ્ટમાં આપી હતી.

ગુજરાત લૉ સોસાયટી દ્વારા સંચાલિત એચ.એ કોલેજ ઓફ કોમર્સ માં વેલેન્ટાઈન ડેનું સેલિબ્રેશન કરવામાં આવ્યું હતું. સ્ટુડન્ટસે સિટી મ્યુનિસિપલ કોર્પોરેશનની સ્કૂલમાં ભણતા ૮થી ૧૦ વર્ષની વય ધરાવતા ૨૧ બાળકોને કોલેજમાં બોલાવી ગેમ્સ રમાડી હતી અને પોષ્ટિક આહાર આપવામાં આવ્યો હતો. આ સાથે બાળકોને તેમની જરૂરિયાતની વસ્તુઓ જેમ કે સ્કૂલ બેગ, વોટર બોગ અને સ્ટેશનરી જેવી વિવિધ વસ્તુઓ ગિફ્ટમાં આપી હતી.કોલેજનાં પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે, કોઈપણ આદર્શ સમાજમાં સંવેદનશીલતા તથા કરુણા સાથે પ્રેમ ભર્યું વાર્તન દાખવવું જોઇએ. વેલેન્ટાઈન ડે આ રીતે પણ ઊજવી શકાય તેનું ઉત્તમ ઉદાહરણ કોલેજનાં સ્ટુડન્ટ્સ દ્વારા આપવામાં આવ્યું હતું.







16 February 2018








એચ. એ. કોલેજ ઓફ કોમર્સનો
એન્યુઅલ સ્પોર્ટ્સ ડે ઉજવાયો


એન્યુઅલ સ્પોર્ટ્સ ડે સેલીબ્રેટ થયો




College Sports

ખો-ખો, કબડ્ડી જેવી રમતોમાં
વિદ્યાર્થીઓએ ભાગ લીધો

## CELEBRATION: SPORTS DAY

The college organized a Sports Day at the Gujarat Vidyapith grounds on 18th March at 7:30 a.m. More than 200 students, and the teaching and non-teaching staff participated in this event. At a small formal function before the competitions, the chief guest, Dr. Vadibhai Patel, Co-Ordinator, GLS University and Dr. Sanjay Vakil, Principal, HACC, talked to the students about the necessity of health and fitness. Students and faculty took part in different competitions like shot put, discuss throw, 200m sprint, 100m sprint and long jump. The event was followed by lunch for all present.

21 February 2018









## CELEBRATION: MATRUBHASHA DIWAS

HACC celebrated World Mother-tongue Day on 21 Feb 2018 wherein Prof. Rajendra Patel, a renowned poet and litterateur of Gujarati, addressed the students and showed them the relevance of multi-cultural and multi-lingual plurality in a global world. In his talk, he revived the fervor of the students for their own mother-tongue.

**23 February 2018**











## CELEBRATION: GLS FOUNDATION DAY

The college celebrated the University Foundation day by inviting Dr. Shubhash Bhrambhatt, Principal, H.K College to speak on ‘Gujarat University: Yesterday, Today & Tommorow’. Dr. Bhalchandra Joshi, Provost, GLS University was also present during this celebration and he spoke on the contributions made by many great people in forming the university. Later a cake was also cut to spread the happiness of the University entering in its 69$^{th}$ year.

**26 February 2018**









**Ahmedabad Samay**

## કોલેજમાં અમદાવાદનો જન્મદિવસ અનોખી રીતે ઉજવાયો



ગુજરાત સમાચાર **plus**

TUESDAY,
27 February 2018

અમદાવાદના સ્થાપનાના દિવસે એચ.એ.કોલેજ ઓફ કામર્સના વાર્ષિક સ્પોર્ટ્સ તથા સાંસ્કૃતિક વિભાગના ૯૦ જેટલા મેડલ્સ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યા હતા, તેમજ કોલેજના પ્રિન્સિપાલ ડૉ.સંજય વકીલે વિદ્યાર્થીઓને સતત કંઈક નવું કરવા અને લક્ષ્ય પ્રાપ્તિ માટે હંમેશા તત્પર રહી મહેનત કરવાની સલાહ આપી હતી. સમગ્ર કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો અને ૨૦૦થી વધારે વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.



**દિવ્ય ભાસ્કર**

## એચ.એ. કોલેજમાં અમદાવાદ શહેરના ૬૦૭માં જન્મદિવસની ઉજવણી

અમદાવાદ,તા.૨૬

ગુજરાત લો સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સમાં અમદાવાદ શહેરનો ૬૦૭મો જન્મદિવસ અનોખી રીતે ઉજવાયો હતો. આ પ્રસંગે કોલેજના વિદ્યાર્થીઓને અમદાવાદના ભવ્ય ઈતિહાસની ઝાંખી કરાવી હતી. કોલેજના પ્રિન્સીપાલ સંજય વકીલે અમદાવાદની સ્થાપના સને ૧૪૧૧માં થઈ ત્યાંથી અત્યારસુધી શહેરની રાજકીય, સામાજિક તથા શૈક્ષણિક પરિસ્થિતિનો ચિતાર રજૂ કર્યો હતો. અમદાવાદના સ્થાપત્યો જેવા કે, ઝુલતા મિનારા, રાણીનો હજીરો, સરખેજના રોઝા, રાયપુરની મસ્જીદ, ભદ્રનો કિલ્લો તથા ત્રણ દરવાજાની ભવ્યતા વિષે વાત કરતા પ્રિ. વકીલે જણાવ્યું હતું કે, ઉત્કૃષ્ટ કારીગરો દ્વારા સ્તાપત્યોની ડિઝાઈન, એલીવેશન તથા ક્રિએટિવીટી, કેટલી અદ્ભૂત હતી. અમદાવાદના શ્રેષ્ઠીઓ તથા મહાજનોની પરંપરા સામાજિક ક્ષેત્રે કેટલી ભવ્ય હતી તેની માહિતી પણ

## CELEBRATION: AHMEDABAD FOUNDATION DAY

The college marked the 607th Establishment day of the city on 26th February. Prin. Dr. Sanjay Vakil spoke on the rich history of the city and at the end of the program the students pledged to cut of food wastage and spread awareness for the same.

28 March 2018











## ANNUAL FUNCTION AND RELEASE OF COLLEGE MAGAZINE

The college organized a grand function to felicitate its achievers of the year and to bid farewell to the students of the final year of B.Com. and M.Com. The event was held in the GLS Lawns and held an ambience of youthfulness and energy. The event comprised of presenting the annual report of the college, distribution of prizes to the achievers of the college, releasing of annual college magazine 'Aarohan- Towards Excellence' and a musical Programme with a DJ and dinner for the students.


H.A. College of Commerce
ANNUAL FUNCTION
2017-18
એન્યુઅલ ડે અને ફેરવેલ એક સાથે


13 April 2018






# એચ.એ. કોલેજમાં ડાૅ.આંબેડકરના જીવન અને કવન પર વકતવ્ય યોજાયું

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ.કોલેજ ઓફ કોમર્સના ગાંધીઅન સોસાયટી દ્વારા આયોજીત ડૉ. આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે તેમના જીવન અને કવન વીષે ગોષ્ઠી યોજવામાં આવી હતી. અમદાવાદ કોર્પોરેશનના પૂર્વ કોર્પોરેટર તથા એસ.સી. કોર્પોરેશન, ગાંધીનગરના ડાયરેક્ટર એડવોકેટ શ્રી નરેશભાઈ નાંદોલિયાએ મુખ્ય વક્તા તરીકે ડૉ. આંબેડકર વીષે પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે ડૉ. આંબેડકર માનતા હતા કે જો શિક્ષણ દ્વારા માનવતા ઊભી ના કરી શકાય તથા રોજગારી ના આપી શકાય તેવું શિક્ષણ નકામું છે. સામાજીક ભેદભાવથી કોઈપણ દેશ પ્રગતી કરી શકતો નથી. સમાનતા, માનવતા, તથા શિક્ષણથી તંદુરસ્ત સમાજનું નિર્માણ થાય છે. સમાજમાં રહેલા કુરિવાજો, ભેદભાવનીતિ તથા જ્ઞાતિપ્રથાથી અસંતોષ ઊભો થાય છે જેનાથી રાષ્ટ્રની પડતી પણ થાય છે. ડૉ. આંબેડકરે કરેલા કાર્યોથી વાકેફ થતાં કોલેજના વિદ્યાર્થીઓ ખુબજ પ્રભાવીત થયા હતા તથા તેમના પ્રત્યે અહોભાવ વ્યક્ત કર્યો હતો. અમદાવાદ શહેરના નાગરીકો પણ આ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. આ કાર્યક્રમનું સંચાલન પ્રા. મહેશ સોનારાએ કર્યું હતું.



# ડૉ. આંબેડકરના જીવન અને કવન ઉપર વકતવ્ય યોજાયું

અમદાવાદ,તા.૧૩

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સના ગાંધીઅન સોસાયટી દ્વારા આયોજીત ડૉ. આંબેડકરની જન્મ જયંતિ નિમિત્તે તેમના જીવન એ કવન વીષે ગોષ્ઠી યોજવામાં આવી હતી. અમદાવાદ કોર્પો.ના પૂર્વ કોર્પોરેટર તથા એસ.સી. કોર્પોરેશન, ગાંધીનગરના ડાયરેકટર એડવોકેટ નરેશભાઈ નાંદોલિયાએ મુખ્ય વકતા તરીકે ડૉ. આંબેડકર વીષે પ્રેરણાત્મક વકતવ્ય આપ્યું હતું. કોલેજના પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે, ડૉ. આંબેડકર માનતા હતા કે જો શિક્ષણ દ્વારા માનવતા ઉભી ના કરી શકાય તથા રોજગારીના આપી શકાય તેવું શિક્ષણ નકામું છે.

# CELEBRATION OF DR. AMBEDKAR JAYANTI:

HA College of Commerce celebrated the birth anniversary of Dr. Bhimrao Ambedkar on 13 April by organizing a guest lecture under the aegis of the H.A. Gandhian Society. The former corporator of the Ahmedabad Municipal Corporation and Director, SC Corporation, Gandhinagar, Advocate Naresh Nandoliya, was invited as expert to address the students and faculty of the college. This talk was organized to inculcate the idea of Dr. Ambedkar that an education which does not evoke humanity and compassion is a useless education. The students were taught how equality, compassion and education are the pillars of a healthy society. Thus, the talk sensitized the students towards the marginalized and discriminated sections of society.

25 April 2018





એચ.એ. કોલેજમાં વિદ્યાર્થીઓ દ્વારા પાણી બચાવોના શપથ લેવાયા

## OATH TO SAVE WATER:

The pinch of water shortage comes with the season of summer. To deal with this crisis the students and staff members of HACC took an oath to save water. Prin. Dr. Sanjay Vakil told the students that only the steps of government are not sufficient, we all have to work to save water which is the need of future generations.



H.A કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા પાણી બચાવોના શપથ લેવાયા

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ કોલેજ ઓફ કોમર્સનાં સ્ટાફ તથા વિદ્યાર્થી ઓ દ્વારા પાણી બચાવોનાં શપથ લેવાયા હતાં. પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો તેની જાણકારી આપવી જોઈએ. આ બધીજ જાણકારી આપયા બાદ વિદ્યાર્થીઓએ શપથ લીધા હતા કે, હું પાણીનો બગાડ કરીશ નહી તથા કરવા દઈશ નહીં. તેઓ તેમની સોસાટીમાં પણ જ્યાં પાણી લીકેજ થતુ હશે ત્યાં તુરંતજ રિપેરિંગ કરાવી પાણી બચાવશે. કોલેજનાં પ્રિન્સિપાલ સંજય વકીલે જણાવ્યું હતું કે, પાણી બચાવોની જરૂરિયાત આજના વિદ્યાર્થીને સમજાવી જોઈએ તથા તેની જાગૃતી માટે દરેક શૈક્ષણિક સંસ્થાએ સંન્નીપટ પ્રયત્ન કરવો જોઈએ. માત્ર સરકાર દ્વારા લેવાના પગલા પૂરતા નથી પરંતુ સંયુકત રીતે ખૂબજ નિષ્ઠા પૂર્વક પાણી બચાવોની જાગ્રતિ ફેલાવવી જોઈએ જેથી ચોક્કસ પરિણામ મેળવી શકાય.



એચ.એ. કોલેજના વિદ્યાર્થીઓએ પાણી બચાવોના શપથ લીધા

અમદાવાદ,તા.૨૫

ગુજરાત લૉ સોસાયટી સંચાલિત એચ.એ. કોલેજ ઓફ કોમર્સના સ્ટાફ તથા વિદ્યાર્થીઓ દ્વારા પાણી બચાવોનાં શપથ લેવાયા હતાં. પ્રવર્તમાન સ્થિતિમાં ઉનાળાની કાળઝાળ ગરમીમાં પાણીની સખત અછત વર્તાઈ રહી છે. પાણીનો ઉપયોગ કેવી રીતે કરવો તેની જાણકારી આપવી જોઈએ તથા જળ એ જ જીવન છે તેની ગંભીરતા પણ આજના યુવાનોને સમજાવવું જોઈએ. આ બધી જ જાણકારી આપ્યા બાદ વિદ્યાર્થીઓએ શપથ લીધા હતાં કે, 'હું પાણીનો બગાડ કરીશ નહીં તથા કરવા દઈશ નહીં' તેઓ તેમની સોસાયટીમાં પણ જ્યાં પાણી લીકેજ થતું હશે ત્યાં તુરંત જ રીપેરીંગ કરાવી પાણી બચાવશે.

કોલેજના પ્રિન્સીપાલ સંજય વકીલે કહ્યું હતું કે, પાણી બચાવોની જરૂરીયાત આજના વિદ્યાર્થીને સમજાવવી જોઈએ તથા તેની જાગૃતી માટે દરેક શૈક્ષણિક સંસ્થાએ સંનીષ્ઠ પ્રયત્ન કરવો જોઈએ. તેમણે વધુમાં કહ્યું હતું કે, વ્યક્તિની એક દિવસની પાણીની જરૂરીયાત મીનીમમ કેવી રીતે કરવી તેનું જ્ઞાન પણ આપવું જોઈએ કારણ કે, જળ વિના જીવન નથી તેની ગંભીરતા સાથે એક આંદોલન ચલાવવું જોઈએ જેથી ભવિષ્યની પેઢી માટે જીવન આપી શકાય. માત્ર સરકાર દ્વારા લેવાતા પગલાં પૂરતા નથી પરંતુ સંયુક્ત રીતે ખૂબ જ નિષ્ઠાપૂર્વક 'પાણી બચાવો'ની જાગૃતિ ફેલાવવી જોઈએ જેથી ચોક્કસ પરિણામ મેળવી શકાય.